.સમરસ છાત્રાલય (કુમાર) ભુજ- કચ્છના મકાન બાંધકામને સુધારેલ અંદાજોને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રઃ સમછા-૧૦૧૩-ન.બા.૪૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૪ -૨-૨૦૧૫.

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬-૮-૨૦૧૪ ના ઠરાવ ક્રઃ સમછા-૧૦૧૩-ન.બા.૪૬- ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૬-૧-૨૦૧૫ ના પત્ર ક્રઃ બીડીજી- ૬૫-૨૦૧૪-૯૩૮૪૬૮- ન

ઠરાવઃ-

અનુસૂચિત જાતિન વિદ્યાર્થીઓ માટે સમરસ છાત્રાલય (કુમાર) ભુજ-કચ્છ મકાન બાંધકામ માટે આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ-૧ મુજબ તા.૬-૮-૨૦૧૪ ના ઠરાવથી ખર્ચ કરવાની સને ૨૦૧૪-૧૫ ના નાણાકીય વર્ષમાં વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ માર્ગ અને મકાન વિભાગના ઉપર આમુખ દર્શાવેલ ક્રમાંક-૨ મુજબ તા.૬-૧-૨૦૧૫ ના પત્રથી સુધારેલ અંદાજોની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે માર્ગ અને મકાન વિભાગના ઉપર આમુખમાં દર્શાવેલ ક્રમાંક-૨ મુજબ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીનીઓ માટે સમરસ છાત્રાલય(કુમાર) ભૂજ-કચ્છના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરેલ રૂ.૧૪,૯૪,૬૩,૦૦૦/ (અંકે રુપિયા ચૌદ કરોડ ચોરાણું લાખ ત્રેસઠ હજાર પુરા)ના સુધારેલ અંદાજોને નીચેની શરતોને આધીન સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૮) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદજ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૪૨૨૫- અનુ.જાતિ, આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૨)બીસીકે-૨૫ – અનુસૂચિત જાતિ પેટા યોજના સરકારી કન્યા છાત્રાલયનુ મકાન બાંધકામ (પ્લાન) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૧-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન, ભુજ-કચ્છ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, ભુજ-કચ્છ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત ભુજ-કચ્છ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ભુજ-કચ્છ
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.